માનવીય સંબંધો ઉષ્માભર્યા જીવન જીવવાનું માધ્યમ છે

વિનોદ અમલાણી લિખીત પુસ્તક 'બસ, હવે તો જીવી લેવું છે 'પ્રકાશિત થયું

ગાંધીનગર, તા. ૧૭

''પ્રેણાદાયી સાહિત્યના સફળ સર્જક વિનોદ અમલાણીની કલમે માનવીય સંબંધોનું ગૌરવગાન કરતાં લેખો 'ગાંધીનગર સમાચાર' દૈનિકમાં 'આવો, જીવીએશાનદાર' લેખમાળામાં દર બુધવારે પ્રકાશિત થઈ રહ્યા છે, જેનું સંકલિત પુસ્તક પ્રકાશિત થતાં અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આ લેખમાળાને મળી રહેલ આવકાર એ વાતની પ્રતીતિ કરે છે કે લેખકના પુરુષાર્થ થકી તેઓનો લેખો ઉત્તરોતર બળુકા બનતાં જાય છે અને ભવિષ્યમાં તેઓનું સર્જન વધુ ઊંચાઈ પામશે તેવી શ્રદ્ધા જન્મે છે.'' વિનોદ અમલાણી લિખીત પુસ્તક 'બસ, હવે તો જીવી લેવું છે' ની પ્રત લેખકે ગાંધીનગર સમચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાને અર્પણ કરતાં, તેના પ્રતિભાવમાં તંત્રીએ આ પુસ્તક વિમોચન શક્ય ન બનતા આ રીતે સાંકેતિક લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



વિવેકગ્રામ પ્રકાશન, માંડવી-કચ્છના પ્રકાશન અધિકારી ગોરધન ફરેલ 'કવિ'એ માનવીય સબંધોને વ્યાપક અર્થમાં લઈએ તો વ્યકિત-વ્યકિત, વ્યકિત-પરિવાર, વ્યકિત-સગાસંબંધીઓથી માંડીને સામાજીક કાર્યો સુધી તેનું ફળ વિસ્તરતું હોવાનું જણાવીને આ પુસ્તકને ઉષ્માભર્યા જીવન જીવવાના પ્રોત્સાહન માધ્યમ ગણાવ્યું હતું. સંબંધોને જીવી લેવાનો સંબંધનાદ, બ્રહ્મનાદ જ્યારે આપણાં મનમાંથી ઊઠે છે કે 'બસ, હવે તો જીવી લેવું છે'' ત્યારે એવું કહી શકાય સંબંધોની દિવ્યતાને આપણે પામી શક્યા છીએ-સર્જક પ્રતિભાવમાં આ મુજબ જણાવીને વિનોદ અમલાણીએ 'ગાંધીનગર સમાચાર' અને પ્રકાશન સંસ્થાનો ઋણ સ્વીકાર કર્યો હતો.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ગાંધીનગર ખાતેના ટ્રેનીંગ સેન્ટર ખાતે ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા વિનોદ અમલાણીનું આ છઠ્ઠુ પુસ્તક પ્રકાશીત થયું છે. આ અગાઉ નાટક, વકતૃત્વ કળા, સ્વ-વિકાસ અને માનવીય સંબંધોને આલેખતા તેમના પાંચ પુસ્તકો પ્રકાશીત થઈ ચૂક્યા છે. તેઓ બેંકિંગ ઉપરાંત, નાટ્ય કળા, વકતૃત્વ કળા, વ્યક્તિત્વ વિકાસ અને વર્તનશાસ્ત્રના ટ્રેનર છે.

ઉચ્ચત્તર પગાર ધોરણ અંગેના તા. ૨૫ જૂન-૨૦૧૯ના પત્રનો અમલ સ્થગિત-મોકૂફ રાખવામાં આવશે

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની જાહેરાત : ૬૫ હજાર જેટલા શિક્ષકોને થશે લાભ

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત શૈક્ષિક મહાસંઘની ઉચ્ચત્તર પગાર ધોરણ અંગેની રજૂઆતોનો સાનૂકુળ સંવેદનશીલતાભર્યો પ્રતિસાદ આપતાં રાજય સરકાર દ્વારા કરવામાં આવેલો તા. ૨૫-૬-૨૦૧૯ના પત્રનો અમલ સ્થગિત-મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.રાજયના અંદાજે ૬૫ હજારથી વધુ શિક્ષકોને આના પરિણામે લાભ થવાનો છે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગેની વધુ વિગતો આપતાં કહ્યું કે, આ પત્રના અનુસંધાને શિક્ષક સંઘો અને શિક્ષક આલમમાં જે અસંતોષની લાગણી હતી તે હવે મુખ્યમંત્રીના આ નિર્ણયથી સંપૂર્ણપણે દૂર થઈ છે.

શિક્ષણ રાજયમંત્રી વિભાવરીબહેન દવેની ઉપસ્થિતીમાં ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ અને શૈક્ષણિક મહાસંઘના પદાધિકારીઓ સાથેની સફળ બેઠક બાદ શિક્ષણમંત્રીશ્રીએ કહ્યું કે, રાજય સરકારના આ પત્રના સંદર્ભમાં શિક્ષક સંઘો દ્વારા થયેલી વિવિધ રજૂઆતો બાબતે છેલ્લા ૧૫ દિવસમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ, શિક્ષણ મંત્રી કક્ષાએ તેમજ અંતિમ નિર્ણય માટે મુખ્યમંત્રી કક્ષાએ પરામર્શ-ચર્ચાઓ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ તદઅનુસાર શિક્ષક સમૂદાયના વ્યાપક હિતમાં નિર્ણય લઈને તા. ૨૫-૬-૨૦૧૯નો શિક્ષણ વિભાગના આ પત્રનો અમલ મોકૂફ-સ્થગિત કરવાની વિભાગને સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

શિક્ષણમંત્રીએ ઉમેર્યું કે, રાજય સરકાર મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં કોઈ પણ સમસ્યા-પ્રશ્નોના નિવારણ માટે વાદ-વિવાદ નહિં સંવાદનો માર્ગ અપનાવતી આવી છે. આ પ્રશ્ને પણ શિક્ષક સંઘો સાથે સાનૂકુળ વાતાવરણમાં લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા કરીને આ અંતિમ નિર્ણય લેવામાં આવેલો છે. શિક્ષક સંગઠનોએ આ સુખદ નિર્ણય માટે મુખ્યમંત્રીને પ્રત્યક્ષ મળીને તેમનો આભાર વ્યકત કર્યો હતો.

ભુપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું કે ભૂતકાળમાં કે ભવિષ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઈ પણ વર્ગ, સંવર્ગ કે શિક્ષકો લાગણી અને માંગણી ધ્યાને લઈને તેમના હિતકારી નિર્ણયો જ કરતી આવી છે અને કોઈનું ય અહિત ના થાય તેનું ધ્યાન પણ હંમેશા રાખવાની જ છે.

તેમણે રાજયના શિક્ષક સમુદાયને ખાતરી આપી કે, આ મૂદે કોઈ પણ વ્યકિતગત કે સામૂહિક શિક્ષકને કોઈ સંવર્ગમાં આર્થિક નુકશાન ન થાય તેનું ધ્યાન રાખવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકાર સંકલ્પબદ્ધ છે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ સમગ્ર બાબતે શિક્ષક સંઘોને અને સંગઠનોને ગેરમાર્ગે દોરીને વિષયને રાજકીય રૂપ આપવાના વિપક્ષે કરેલા પ્રયાસોની આલોચના પણ કરી હતી. તેમણે શિક્ષક સંગઠનો અને શિક્ષક આલમે રાજય સરકાર પર વિશ્વાસ ભરોસો રાખીને જે ધીરજ રાખી તેનો આભાર વ્યકત કર્યો હતો. આ પરિપત્રના અમલ અંગેની નાની-મોટી બધી અડચણો દૂર કરીને મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકોના વિશાળ હિતમાં આજે આ નિર્ણય કર્યો છે તેમ પણ અંતમાં તેમણે ઉમેર્યુ હતું.

જન્મદિને વધામણી

હિરેન ભટ્ટ
નાયબ માહિતી નિયામક
માહિતી ખાતું
મંત્રી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૬૩૬૩૦

હારીત જયાનંદ દવે
નિવૃત્ત ઉપસચિવ
(શિક્ષણ વિભાગ
મો. ૯૬૬૨૨ ૦૭૩૮૩

રીટાબેન ચૌહાણ
મો. ૯૫૩૭૫ ૭૯૮૩૪



વિદ્યાબેન પટેલ
લાયોનેસ ક્લબ

જયશ્રીબેન જાદવ

આરવ મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૮૧૪૦૧ ૮૦૨૯૪

અનોખી દુષ્યંત દવે

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સીબીએસઈના જાહેર થયેલ ધોરણ ૧૦નાં પરિણામમાં દિલ્હી પબ્લિક સ્કૂલ- ગાંધીનગરનાં તેજસ્વી તારલાઓ ઝળક્યા

ઉર્વા ગુપ્તા
પ્રથમ ક્રમ
(૯૯.૨ ટકા)

પ્રિષા નેને
બીજો ક્રમ
(૯૮.૬ ટકા)

સાક્ષી રાવ
ત્રીજો ક્રમ
(૯૭.૮ ટકા)

સિદ્ધાર્થ શેખાવત
ત્રીજો ક્રમ
(૯૭.૮ ટકા)

ગાંધીનગર, તા. ૧૭

સીબીએસઈ દ્વારા તા.૧૫.૦૭.૨૦નાં રોજ ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું. જેમાં દિલ્હી પબ્લિક સ્કૂલ-ગાંધીનગર ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરીને ગર્વની લાગણી અનુભવે છે. આ વર્ષે ધોરણ ૧૦ ની પરીક્ષામાં ૨૭૨ વિદ્યાર્થીઓમાંથી, ૭૯ વિદ્યાર્થીઓએ ૯૦% વધુ ગુણ પ્રાપ્ત કરીને શાળાની સિદ્ધિ વધારી છે. જેમાં શાળાની વિદ્યાર્થીની કુમારી ઉર્વા ગુપ્તાએ ૯૯.૨% ગુણ મેળવીને શાળામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ ગણિત વિષયમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર, મેનેજમેન્ટ ટ્રસ્ટીશ્રી અપૂર્વ ગોએંકા અને નિયામક શ્રીમતી રાની ચૌધરીએ તેમના ઉત્તમ પરિણામો માટે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી છે અને આચાર્યશ્રી અતનુ રથે વાલીઓના સમર્પણ અને વિદ્યાર્થીઓની મહેનત બદલ પ્રશંસા કરી છે. આચાર્યએ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન અને સહયોગ આપનાર શિક્ષકોને પણ શુભેચ્છા પાઠવી છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'વૃક્ષોના વધામણા' અને 'વૃક્ષારોપણ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત કાઉન્સિલ ઓન સાયંસ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનના વિકાસ ની સાથે સાથે પર્યાવરણની જાળવવી અંગે જાગૃતતા કેળવાય તે હેતુ થી વિવિધ પર્યાવરણ લક્ષી કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. એક વર્ષની આમારી માવજત પછી આ મોટા થયેલા ''વૃક્ષોના વધામણા'' અને નવા ''વૃક્ષારોપણ'' કાર્યક્રમનું આયોજન તા.૧૭/૦૭/૨૦૨૦ના રોજ રાખવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી રીટાબેન પટેલ,મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા, નાઝાભાઈ ધાધર, ડે.મેયર,ગાંધીનગર મહાનગરપાલિકા,ડો.નરોત્તમ શાહુ,એડવાઈઝર અને મેમ્બર સેક્રેટરી,ગુજકોસ્ટ, ગાંધીનગર, અરુણ બુચ, પ્રમુખ શહેર વસાહત મંડળ,ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી રીટાબેને તેમના પ્રાસંગિક પ્રવચનમાં ગાંધીનગરમાં વધુમાં વધુ વૃક્ષો વાવી હરિયાળું પાટનગર બનાવવાની વાત કરી હતી, નાઝાભાઈ એ તેમના ઉદબોધનમાં વૃક્ષોને વાવીને તેમજ તેની વિજ્ઞાનિક પદ્ધતિથી માવજત કરવાની વાત કરી હતી. તેમજ તેમના દ્વારા ચાલતા વૃક્ષારોપણ અભિયાનની માહિતી આપી હતી. ડો.નરોત્તમ સાહુ દ્વારા તેમના વક્તવ્યમાં સમગ્ર ગુજરાતમાં ફેલાયેલા વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી તેમજ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા થતી સમાજ ઉપયોગી પ્રવુતિઓનો વધુમાં વધુ લોકો ભાગ લે તેમ જણાવ્યું હતું. અરુણભાઈ બુચે ગાંધીનગરણી ગ્રીન સીટીની ઓળખ કાયમી જળવાઈ રહે તે અંગે સૂચનો કર્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષોની કંકુ, ચોખાથી ચાંદલા કરી વૃક્ષના વધામણા કરવામાં આવ્યા હતા. તેમજ મહાનુભાવોના હસ્તે ,વડ, પીપળો,કણજી,રાયણ, જાંબુડો,લિમડા જેવા અલગ અલગ ૫૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. મહાનુભાવો દ્વારા વૃક્ષારોપન કરેલ વિસ્તારને નિસર્ગ વન એવું નામકરણ આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિસર્ગ સાયન્સ સેન્ટરના ,મેનેજીંગ ટ્રસ્ટી, ડો.અનીલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભરતભાઈ પટેલ , પ્રમુખ,ઉમીયા માતાજી સંસ્થાન,ગાંધીનગર,ી બળદેવભાઈ પટેલ, ચેરમેન, ઉમીયા માતાજી સંસ્થાન, ગાંધીનગર, મહેન્દ્રભાઈ પટેલ, પ્રમુખ ગાંધીનગર શહેર,ભાજપ, હેમંત સુથાર,પૂર્વ વન અધીકારી,ગાંધીનગર, નરેશ ઠાકર, પૂર્વ જન સંપર્ક અધિકારી, જીપીસીબી,ગાંધીનગર, સમીરભાઈ રામી, પ્રમુખ, હેપ્પી યુથ ક્લબ,ગાંધીનગર તેમજ વોર્ડ નંબર-૪ ના તમામ કોર્પોરેટરશ્રી,ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારી તેમજ પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, હાર્દિક ભટ્ટ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ફોરેન્સિક સાયન્સના કોર્ષ વિષે માહિતી આપશો, આ ક્ષેત્રમાં કયા વિકલ્પો રહેલા છે?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ
હાર્દિક કે પરીખ

નમસ્કાર. ''કરિયર કોર્નર'' કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

૧. કોઈ વિદ્યાર્થીને ધોરણ ૧૨ સાયન્સ (એ ગ્રૂપ)માં ૮૨% આવેલ હોય તો શું એરોનોટિકલ એન્જીનિયરીંગ કરી શકે? એરોનોટિકલ એન્જીનિયરીંગ વિષે માહિતી આપશો.

- નિશા રાણા , ગાંધીનગર

સૌપ્રથમ તો આપના પ્રશ્નનો જવાબ આપીએ તો હા બિલકુલ આપ ૮૨% સાથે એરોનોટિકલ એંજિનિયરિંગ માં પ્રવેશ મેળવી શકો છો.ગુજરાતમાં એવી એકાધિક કોલેજ છે જ્યાં આ કોર્સ ઉપલબ્ધ છે જ્યાં આપ આ કોર્સમાં મેરીટના આધારે પ્રવેશ મેળવી શકો છો. એરોનોટીકલ એન્જિનીયર આપના માટે ખૂબ જ સરસ અને સારો વિકલ્પ બની શકે છે.એરોનોટિકલ એંજીન્યરિંગમાં રિસર્ચ, ડિઝાઈનિંગ ડેવલોપમેન્ટ, ટેસ્ટિંગ જેવા વિવિધ પ્રકારના એરક્રાફ્ટ (હવાઈ જહાજ)ને લગતા વિષયોનો સમાવેશ થાય છે. એરોનોટીકલ એન્જિનીયર બનવા માટે આપે એક સારી યુનિવર્સિટીમાંથી એંજીનિયરિંગનો કોર્ષ કરવાનો હોય છે, જે સામાન્ય રીતે ચાર વર્ષનો હોય છે. એ પછી આપ પ્રોફેશનલ એન્જિનીયરીંગ એકઝામમાં ઉતીર્ણ થઈ આપની

સ્કિલ વધારી શકો છો. હવે આપણે લાયકાતની વાત કરીએ તો એરોનોટીકલ એન્જિનીયર બનવા માટે સૌથી મહત્વનું છે કે આપની આ ક્ષેત્ર પ્રત્યે રુચિ હોવી જરૂરી છે. એટ્લે કે એરક્રાફ્ટમાં અને તેને લગતા વિષયોમાં (જેમ કે ગણિત અને ફિઝિક્સમાં) આપનો રસ અને ફાવટ હોવી જરૂરી છે. કોર્ષની વાત કરીએ તો આપ ધોરણ ૧૨ પછી એરોનોટીકલ એન્જિનીયરની ડિગ્રી મેળવી શકો છો અને તે પણ આપ આઈ.આઈ.ટી જેવી પ્રતિસ્ઠિત સંસ્થામાંથી કરી શકો છો.અને ત્યાર બાદ માસ્ટર પણ કરી શકો છો. અન્ય એ પણ વિકલ્પ છે કે આપ મિકેનિક્લ , કોમ્પ્યુટર , સોફ્ટ્વેર એન્જિનીયર , વિગેરે શાખામાં અથવા ફિઝિક્સમાં ગ્રેજ્યુએશન ડીગ્રી મેળવી એરોનોટીકલમાં માસ્ટર ડિગ્રી મેળવી શકો છો. એક જરૂરી બાબત એ છે કે આ વિકલ્પ વિશે જાગ્રુતતા અને સ્પર્ધા ઓછી હોઈ આપ યોગ્ય મેહનત કરી ને સફળતા પ્રાપ્ત કરી શકો છો. આ ક્ષેત્રમાં અભ્યાસ કર્યા બાદ બહોળી તકો મળે છે. આપ ડિફેન્સ (એરફોર્સ, આર્મી, નેવી), સાઈંટિસ્ટ, સ્પેસ એંજીન્યરિંગ, વિગેરે ક્ષેત્રોમાં આપનું ઉજ્જ્વળ કરિયર બનાવી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

૨. ફોરેન્સિક સાયન્સ ના કોર્ષ વિષે માહિતી આપશો. આ ક્ષેત્ર માં કયા વિકલ્પો રહેલા છે?

- રાજેન્દ્ર બારોટ, વિજાપુર

ફોરેન્સિક સાયન્સ એ મુખ્યત્વે ગુનાઓની તપાસમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવા ઉપર ભાર મૂકતી પદ્ધતિ છે જેમાં કોઈપણ ખુણા સ્થળેથી ઉપલબ્ધ કે પ્રાપ્ત થયેલ ચીજવસ્તુ પદાર્થ કે સંજોગો નું વૈજ્ઞાનિક રીતે પુસ્તક કારણ પૃથ્થકરણ કરીને તેનું કાયદાની અદાલતમાં માનનીય એવા પુરાવાઓમાં રૂપાંતર કરે છે. આ કાર્યક્રમમાં મુખ્યત્વે ફોરેન્સિક વૈજ્ઞાનિકો ની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે તેમાં વિજ્ઞાનની એવી પદ્ધતિ કે પ્રક્રિયાઓનો ઉપયોગ કરાય છે જે અદાલતો અથવા કાયદા ની પ્રક્રિયા દ્વારા માન્ય હોય છે જોખમ ખેડવાનું પસંદ કરતા સાહસિક અને જિજ્ઞાસુઓ માટે આ ખૂબ જ રસપ્રદ અને પડકારજનક ક્ષેત્ર છે. ફોરેન્સિક સાયન્સ ગુનાઓની તપાસ સાથે સંબંધિત વિજ્ઞાનનું ક્ષેત્ર છે અને વ્યવસ્થાની દ્રષ્ટિએ આ ક્ષેત્રમાં જવા ઈચ્છનારે તેમના જ્ઞાન અને વિજ્ઞાનનો ઉપયોગ ગુનાઓની તપાસમાં કરવાનો હોય છે. ફોરેન્સિક સાયન્સ એ વિજ્ઞાનની કોઈ શાખા કે પ્રકાર નથી પરંતુ તે જુદી જુદી શાખાઓ નો સમૂહ છે ફોરેન્સિક વિજ્ઞાન અને મુખ્યત્વે ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે. એક મેડીકલ, બે લેબોરેટરી અને ત્રણ ફિલ્ડ સાયન્સ. ફોરેન્સિક વિજ્ઞાન અનુસ્નાતક પદવી અથવા માસ્ટર્સ ડિગ્રી લેવા માટે ઉમેદવાર પાસે ફિઝિક્સ, કેમિસ્ટ્રી,બાયોલોજી બોટની, બાયોકેમિસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, બી.ડી.એસ અથવા એપ્લાઈડ સાયન્સ જેવા વિષયોમાં પ્રથમ વર્ગ સાથે સ્નાતકની પદવી હોવી જોઈએ. પોસ્ટમોર્ટમના નિષ્ણાત બનવા માટે સૌપ્રથમ એમ.બી.બી.એસની ડિગ્રી મેળવ્યા બાદ ફોરેન્સિક સાયન્સ ની ડીગ્રી મેળવી લેવી પડે છે.

આ ક્ષેત્રમાં સંશોધન માટે પણ અનેક તકો રહેલી છે આપ આ બધા વિષયોમાં એમ.ફિલની ડિગ્રી મેળવી જે તે વિષયમાં પીએચ.ડી.ની પદવી પણ મેળવી શકો છો. ફોરેન્સિક સાયન્સ માં કારકિર્દીની વાત કરીએ તો ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરનાર ને કાયદાનું અમલીકરણ કરનારી સંસ્થાઓ જેવી કે પોલીસ કાયદો કે ન્યાયતંત્ર અને સરકારી અથવા ખાનગી તપાસની સંસ્થાઓમાં કારકિર્દીની તકો ઉપલબ્ધ થાય છે આવા ઉમેદવારો ફોરેન્સિક સાયન્સ નું શિક્ષણ કે કોર્સ ચલાવતી સંસ્થાઓ માં શિક્ષક તરીકે પણ જોડાઈ શકે છે. આવી વ્યક્તિને સરકારના અનેક વિભાગોમાં સારી નોકરીઓની તક મળે છે તેમજ રાજ્યોની પોલીસ માં ગુના શોધક શાખા માં તપાસનીશ અધિકારી સામેલ હોય છે જેમાં પણ એ આગળ વધી શકે છે.આમ ફોરેન્સિક સાયન્સ ઘણું બહોળું ક્ષેત્ર છે અને આપ આ ક્ષેત્ર માં ચોકકસ પણે આગળ વધી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

૩. હું હાલ સરકારી નોકરી ની તૈયારી કરું છું.મારી ઉમર ૨૮ વર્ષ છે.ઘણી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી છે પણ મોટા ભાગની પરીક્ષા માં ઉત્તીર્ણ નથી થઈ શક્યો અને અમુક પરિક્ષાના પરિણામ આવેલ નથી. ઘણી ચિંતા થાય છે. યોગ્ય માહિતી આપશો.

- નિતિન પટેલ, હીમતનગર

નિતિન, આપનો આ પ્રશ્ન આપ એકલાનો નહીં પણ બીજા

અનેક વિદ્યાર્થીઓને મુંઝવતો પ્રશ્ન છે. આ જ કૉલમમાં આ વિષય ઉપર માહિતી પણ આપેલ છે. સૌ પ્રથમ તો આપના દ્વારા, આપ અને બીજા જે પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે, તેમને જણાવવા માંગીએ છીએ કે આપે હિંમત હારવાની કોઈ જરૂરી નથી. આજના આ સ્પર્ધાત્મક યુગ માં એક વસ્તુ જે આપને સાથ આપશે એ છે આપની હિંમત અને આપની મેહનત. તો આપે મેહનત કરવાની છોડવાની નથી. અમે કહ્યું મુજબ આ સ્પર્ધાત્મક યુગમાં આપને પ્રથમ, બીજા કે ત્રીજા પ્રયત્ને સફળતા હાથ લાગે જ એ જરૂરી નથી. કોઈ વાર વધુ સમય પણ લાગી શકે છે.આ પરિસ્થિતીમાં આપે હતાશ કે નિરુત્સાહ થવાની કોઈ જરૂર નથી,પણ દરેક નિષ્ફળતાનું જરૂરી વિશ્લેષણ કરવાની જરૂર છે. એક સુવિચાર આપે વાંચેલ હશે કે ''નિષ્ફળતા જ સફળતાની ચાવી છે.'' એટલે દરેક નિષ્ફળતા પાછળના કારણ તપાસ કરો કે આપની ભૂલ ક્યાં થાય છે અને કયા વિષયના કારણે આપ નિષ્ફળ થઈ રહ્યા છો એ ભાગ અથવા વિષય ને વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરો.અને બીજી અને ખૂબ જ મહત્વ ની બાબત એ છે કે આ પરિસ્થિતીમાં હતાશ થવાની કોઈ જરૂર નથી. તમને પહેલા કહ્યું એ મુજબ આ ક્ષેત્રમાં ગળાકાપ સ્પર્ધા રહેલ છે. એક જગ્યા મેળવવા માટે સરેરાશ ૩૦૦ થી વધુ વ્યક્તિ હરીફાઈમાં હોય છે.એટલે દરેક વ્યક્તિને સરકારી નોકરી મળે એ શક્ય નથી. એ સત્ય છે કે સરકારી નોકરી એક પ્રકારે આપનું ભવિષ્ય સુરક્ષિત કરે છે.પણ એ પણ જણાવી દઈએ કે સરકારી નોકરી જ સર્વસ્વ નથી.જો કોઈ કારણસર આપને સરકારી નોકરી નથી મળતી તો હતાશ થવાની કોઈ જરૂર નથી.બીજા અનેક એવા ક્ષેત્ર છે જેમાં આપ જઈ શકો છો અને સારી એવી સફળતા પ્રાપ્ત કરી શકો છો.કહેવાય છે કે ભગવાન એક દરવાજો બંધ કરે ત્યારે બીજા દસ દરવાજા ખોલે છે.એટલે કે આપે આપની નજર ચારે દિશાઓમાં રાખવાની રહેશે અને આપ આપની લાયકાત અને મેહનત મુજબ બીજી ઘણી સારી એવી નોકરી મેળવી શકો છો.તો છેલ્લે બસ આપને કહીશું કે આપ હિંમત હાર્યા સિવાય આપની મેહનત યોગ્ય દિશામાં ચાલુ રાખો. આપને નજીક ના ભવિષ્ય માં જ આપની મનપસંદ નોકરી મળી જાય એવી પ્રભુને પ્રાર્થના. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો:
ઈમેલ:questions.careercorner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner